પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## :: ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક :એસ.બી./સિક્યુરીટી ગાર્ડની માહિતી પુરી પડવા અંગેનુ જાહેરનામું/ ૮૯/ ૨૦૨૨**

સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

**:: હુ ક મ ::**

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપની માં હથિયારી પરપ્રાંતીય ગાર્ડની સંપુર્ણ માહિતી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે લાયસન્સ બ્રાંચમાં આપવાની રહેશે. તેમજ આ વિગત જે તે વિસ્તારના નજીકના પો.સ્ટેશનમાં પણ આપવાની રહેશે. પરપ્રાંતીય હથિયારી ગાર્ડના હથિયાર લાઈસન્સનું વેરીફીકેશન પોલીસ મારફતે કરવામાં આવે ત્યારે નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનુ હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ ફેકટરી વિગેરે સ્થળના માલીકે રજુ કરાવાની જવાબદારી તેઓની રહેશે. આ ઉપરાત ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેમની કંપનીમાં બિનહથિયાર ધારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જેતે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

**મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.**

| અ. નં. | વિગત | | |
|---|---|---|---|
| ૧ | સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર | :- | |
| ૨ | પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી/ બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું ટે.ફો. નંબર | :- | |
| ૩ | સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર | :- | |
| ૪ | નોકરીએ રાખ્યાની તારીખ | :- | |
| ૫ | કોના રેફરન્સ પરિચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું | :- | |
| ૬ | હથિયારી તથા ગનમેનના લાયસન્સ ની વિગત તથા ગનની વિગત | :- | |
| ૭ | લાયસન્સ ની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ | :- | |
| ૮ | સિકયુરીટી ગાર્ડનો ફોટો | :- | |

:: **અમલવારીનો સમય** ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૨૯/૦૫/૨૦૨૨ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૭/૦૭/૨૦૨૨ ના કલાક:૨૪/૦૦** સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: **શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશ. ગુજરાત પોલીસ એક્ટ કમલ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨ અને ટ્રાફીક અને ક્રાઇમ, સુરત શહેર
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૬) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

**સવિનય નકલ રવાના** :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત)
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)